# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૪ • સળંગ અંક : ૨૧૦ • તા.૧૮ થી ૨૪ જુન ૨૦૨૨

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


# શ્રી સમસ્ત ક.દ.ઓ.જૈન મહાજનની

# સંજીવની યોજના

# જ્ઞાતિજનો માટે આશીર્વાદ રૂપ





# insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.

90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com

LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# આપણી નકારાત્મક મનોવૃત્તિને બદલીએ

જીવનમાં દરેક બાબતોની બે બાજુ હોય છે. નકારાત્મક અને હકારાત્મક. કોઈપણ પરિસ્થિતિનો સામનો આ બન્નેમાંથી કોઈપણ એક રીતે થઈ શકે છે. જે નિર્ણાયત્મક થાય છે. જે વ્યક્તિ નકારાત્મક વિચારધારા ધરાવે છે તેને માટે બધું નકારાત્મક થઈ જશે અને જે વ્યક્તિ સકારાત્મક વિચારધારા ધરાવે છે તેને માટે બધું સારું વિધાયક થઈ રહેશે. આપણી આસપાસ ઘડાય છે તેના સ્રોત આપણે પોતે જ હોઈએ છીએ. આપણું મન જેવું હશે તેવું આપણને દેખાશે. એટલે જ તો કહેવાયું છે કે જેવી દ્રષ્ટિ તેવી સૃષ્ટિ. દરેક બાબતમાં આપણું વલણ ખોડખાં પણ કાઢવાનું જ હોય તો સારું ક્યાંથી દેખાવાનું? ખરાબ નજર, ખરાબ વૃત્તિ એ સામેવાળામાં ખામી નથી આપણ પોતાની ખામી છે. આપણામાં ખરાબી રહેલી છે જે કોઈનું સારું જોઈ શકતી નથી. આપણા સ્વભાવની વક્રતા અન્યનું સારું સાચુ જોઈ શકતી નથી. જીવનમાં સતત નકારાત્મક ભૂમિકા માણસને કોરી નાખે છે. કારણ કે આ નેગેટિવી આપણી ચેતન, શક્તિ અને ઓજસનો અસ્ત કરી દે છે. આ નકારાત્મક વિચારધારા આખરે યાતના, દુઃખ અને પીડામાં પલટાઈ જાય છે.

કોઈપણ પરિસ્થિતિ કાયમી નથી. જીવનમાં ઘટતી દરેક બાબતોનો ઉદાર મનોભાવથી સ્વીકાર કરી લઈએ તો મોટા ભાગની સમસ્યાઓ કે પરિસ્થિતિ દુર થઈ જાય છે. સાનુકુળ થઈ જાય છે. અન્યોની સાથે ચાલવા કરતાં આપણે તેઓની સામે ઊભા રહીએ છીએ. જે દુશ્મની, અદાવતનો પાયો રોપી દે છે. અંજપો, ચિંતા અને અસુખ આને કારણે આપણે ભોગવીએ છીએ. સમયના વહેણ સાથે પડવા કરતા તેની સાથે ચાલીએ, વહીએ તો એ વહેતી ધારા આપણી મદદગાર થાય છે. જે વિચાર, વર્તન સાથે વિધાયક ભાવે જોડાશું તો એના લીધે તે આપણી શક્તિને બળ બની જશે. દુઃખ-સુખમાં, યાતના રાહતમાં, નિષ્ફળતા સફળતામાં પલટાઈ જશે. વિરોધ કરવા કરતાં વિધાયક ભૂમિકાથી સમય, સંજોગ અને પરિસ્થિતિ બદલાય છે. એટલે જ તો પરિસ્થિતિ અસ્તિત્વ, સમય અને સંજોગ કાળનો સ્વીકાર એજ જીવન છે.

હંમેશા અન્યોના વિચારોને વળણને પ્રત્યે સકારાત્મક ભાવ ધરાવવા જોઈએ. દરેકના વિચાર વલણ આપણી અનુકુળ ન હોય તો પણ તેને સાનુકુળ આપણે થઈ જઈએ, તેની સાથે સકારાત્મક થઈ જઈએ તો સંઘર્ષ ન સર્જાય અને શાંતિ, સુખ, સદ્‌ભાવનો માહોલ સર્જાય. જે આગળ નકારાત્મક વલણ હારી જાય છે. હટી જાય છે. બધે બધું આપણી મરજી મુજબ ચાલવાનું નથી. જીવનના પ્રવાહને આપણી ઈચ્છા મુજબ વાળી શકાય નહી પણ તેને અનુકુળ થઈ આપણે વહીએ તો તેની મજા અનન્ય હોય છે. અસ્તિત્વ, પરિસ્થિતિ, સમય, સંજોગો અને કાળનો સ્વીકાર કરવું એ જ જીવનની ભૂમિકા રહેવી જોઈએ. વ્યક્તિને સુખ જોઈએ છે. દુઃખ જોઈતું નથી સારું જોઈએ છે. પણ ખરાબ-ખોટું પડતું મૂકી દઈએ છીએ. દરેક સારી ખરાબ વૃત્તિ એક સિક્કાના બે ભાગ જેવા છે. જેમ દરેક વસ્તુના બે છેડા હોય છે જે ખુલ્લા હોય છે. એમાંથી કયો છેડો પકડવો એ આપણી મનોવૃત્તિ વલણ પર આધારીત છે. જીવન જીવંત, ધબકતું રહેવું કે અટકાવી દેવું આપણા હાથની વાત છે.

– જય જ્ઞાતિમૈયા

# સુખી દામ્પત્ય જીવનની સમજ



નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)

દાંપત્ય જીવન એ પ્રેમ પથની અખંડ સાધના છે. પ્રેમ અને વફાદારીને એકબીજાથી અલગ પાડી શકાય નહીં. લગ્ન પથના બે સમાંતર જોડાયેલા પાટા એટલે પ્રેમ અને વફાદારી. લગ્ન એટલે એ માત્ર બે વ્યક્તિઓનો સંયોગ નથી પણ બે પરિવારના સ્નેહ, સહયોગ અને સદ્‌ભાવનાનું મિલન છે. એટલે લગ્ન મંડપમાં ગોર મહારાજ મંગળાષ્ટક બોલી વર-કન્યા પધરાવો સાવધાન બોલી લગ્નજીવનની ફરજો પ્રત્યે જાણે ખબરદાર કરે છે. ગૃહસ્થાશ્રમમાં ઘણી બધી કપરી જવાબદારી અને કર્તવ્ય અદા કરવાના હોય છે. એની આ જાણે ચેતવણી છે.

સુખી અને આદર્શ દાંપત્યજીવન સુખ અને દુ:ખમાં એકબીજાની હૂંફથી મહેકી ઉઠે છે. દુખમાં તેની ખરી કસોટી થાય છે. મુશ્કેલી અને કપરાકાળમાં પતિ પત્ની વચ્ચે જો સુમેળ જળવાઈ રહે અને તણાવ ઊભો ન થાય ત્યારે સમજવું કે લગ્ન જીવન સફળ થયું છે. પ્રસન્ન દાંપત્યજીવન એટલે એનો અર્થ એવો નથી કે પતિ પત્ની વચ્ચે કોઈ મતભેદ કે વિવિધતા ન હોય ખાટી મીઠી વાતો, મતભેદો, રિસામણા મનામણા તો લગ્નજીવન સાથે સંકળાયેલા હોય છે. આવી વિવિધતા ભર્યું જીવનમાં ન હોય તો રસ અને કસ વગરનું યાંત્રિક બની જાય છે. દરેક માણસ તેની પ્રકૃતિ અને સ્વભાવથી ભિન્ન હોય છે. તેના ગમા-અણગમા અને મૂડ અલગ અલગ હોય છો. સ્ત્રી અને પુરૂષ પ્રકૃત્તિ અને સ્વભાવથી અલગ અલગ હોય છે. બંન્ને એકબીજાથી એડજસ્ટ કરવું પડે છે. પરસ્પરના સ્વભાવને અનુકૂળ થવું પડે છે તો જ ચક્ર ગતિમાન રહે છે.

સ્ત્રી અને પુરૂષ બન્ને વિરૂધ્ધ જાતિ, પ્રકૃત્તિ અને સ્વભાવના સંયોજનથી બનેલા છે. બંન્નેની શારીરિક અને માનસિક રીતે તેમાં ફરક હોય છે. સ્વભાવ, રુચિ, પસંદગી અને વિચારસરણીમાં મોટું અંતર હોય છે. આ બે અસમાન ધ્રુવો વચ્ચે એકબીજાનું સંયોજીકરણ એટલે દામ્પત્યજીવન. આમાં બન્ને એકબીજાને અનુકૂળ થવાની તૈયારી રાખવી પડે છે. આવી ઊંડી અને અગાધ સમજ અને લાગણી જ લગ્નજીવનને ટકાવી રાખે છે.

આજનો મુખ્ય પ્રશ્ન લગ્ન જીવન જોડવાનો તો છે જ સારા, સુમેળવાળા પાત્ર શોધવા, મળવા મુશ્કેલ છે. તો એથી વધુ મુશ્કેલવાળો પ્રશ્ન લગ્નજીવનને સફળ બનાવવા કરતાં તેને ટકાવી રાખવાનો છે. લગ્ન જીવનના મણકાઓ જ્યારે તૂટે છે. ત્યારે તેની વિપરીત અસર સમગ્ર કુટુંબ પર થાય છે. લગ્ન જીવનના સંબંધો સુખદ રીતે તૂટતા નથી. એકબીજા વચ્ચે વૈમનસ્ય અને વ્યથાની લાંબી હારમાળા રચીને તૂટતા હોય છે. બંન્ને સંકળાયેલા યાત્રો અલગ થતાં થતાં ખુવાર થઈ જાય છે. લગ્ન જીવન શા માટે તૂટે છે? શા માટે તેમાં ખટરાગ પેદા થાય છે? આ પ્રશ્ન સામાજિક અને મનોવૈજ્ઞાનિક સંશોધનનો વિષય છે. પરંતુ કેટલાક દેખાતા કારણો એ આ પવિત્ર સંબંધોને આજે સમાજે તલવારની ધાર પર મૂકી દીધાં છે. સાંપ્રત સમયકાળમાં લગ્ન જીવન વધુ સંવેદનશીલ બની ગયું છે. તેમાં ધીરજ અને સહનશીલતાનો અભાવ થયો છે. જતું કરવાની નભાવી લેવાની ભાવના સમૂળગી રહી નથી. બન્ને પાત્રોનું ભણતર ઉચ્ચ ડિગ્રીનું છે પણ ગણતર અને સમજણ નીચલી કક્ષાનું થઈ ગયું છે. સાચા અને વ્યવહારિક શિક્ષણને અભાવે પુરૂષોનો અહમ અને સ્ત્રીની જીદ ટકરાય છે અને સાચા સ્નેહ સંબંધને વિખેરી દે છે.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# સંજીવની કેસ નં.૭૩ માટે રૂા.૩.૮૫ લાખની જરૂરિયાત માટે ટહેલ




રાપર-ડોંબિવલીના ૫૨ વર્ષીય દિનેશ હીરજી લોડાયાની પાસે કોવિડ સમય કાળથી કોઈ રોજગાર કે નોકરી નથી. એકમાત્ર પુત્રી જ કમાવનાર છે. જેના આધારે ઘરનિર્વાહ ચાલે છે. કોઈ બચત નથી અને માત્ર ૧ લાખ જેટલો વીમો ધરાવે છે.

વર્તમાનમાં તેઓ એસઆરવી મમતા હોસ્પિટલ ડોંબિવલી પૂર્વમાં આઈસીયુ વોર્ડમાં હાઈબ્લડપ્રેશર ઉપરાંત Epilepticus with sepsis associated with acute kidney ને લીધે પીડીત છે. વારંવાર વાઈ આવવાને લીધે કિડની પર અસર થઈ છે. જેના ઈલાજ સારવાર માટે ૪.૩૫ લાખનો અંદાજ અપાયો છે.

તેમણે સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ પાસે ૩.૮૫ લાખની મદદ માટે અરજી કરી છે. લોડાયા પરિવારની ઉપર અણધારી રીતે ત્રાટકેલ આફતને હળવી કરવા તેને સમૂળગી મિટાવી દેવાનો પડકાર સુજ્ઞ જ્ઞાતિજનો સમક્ષ છે. જેને આપણે હમેશની જેમ સંગઠિતપણે સાથે રહી તેમનો સધિયારો બનીશું. એનો ભરપૂર વિશ્વાસ છે.

દાતાઓ ૮૦ જી ટેક્ષ બેનીફિટ મળે એ માટે પેનકાર્ડ અને આધારકાર્ડની કોપી સંલગ્ન કરવી આવો હાથ અને સાથ દ્વારા દિનેશભાઈ સુયોગ્ય સારવાર મેળવે સ્વસ્થ થઈ સ્વઘરે સવેળા જાય એ શુભેચ્છા પ્રદાન કરીએ.

# કેડીઓ સંજીવની યોજનામાં લાઈફ ટાઈમ પેટ્રોન તરીકે જોડાયું શ્રી કદઓ જૈન જ્ઞાતિ મહાજન કોઈમ્બતુર




શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનની મેડિકલ સમિતિની સંજીવની યોજના જે નાના, નબળા અને વીમા કવચ ન હોવાથી નિઃસહાય જ્ઞાતિ બાંધવોને આકસ્મિક બીમારીઓના ઈલાજ ઓપરેશનમાં આધારભૂત સહારો અને સહાય પૂરી પાડે છે. આ યોજનામાં ઉદારદિલ દાતાઓ વિવિધ યોજનામાં હાથ અને સાથ આપી આજ સુધી ૭૦ થી વધુ અરજદારોના હામી બન્યા છે.

કોઈ એક વ્યક્તિ તેના લોહીના સંબંધથી જોડાયેલા હોય તે પરિવાર બને છે અને વિવિધ પરિવારોનો સંગઠન મહાજન કહેવાય છે. ગામ, નગરના જ્ઞાતિ પરિવારોના સમૂહને જોડી રાખી તેની હિત ભાવના, કલ્યાણની ખેવના ધરાવતું. તેઓને યોગ્ય મદદ, અમૂલ્ય માર્ગદર્શન અને દોરવણી આપી. વિકાસ અને કલ્યાણના માર્ગે દોરતું સંગઠન એટલે જ મહાજન. આવું આદર્શ મહાજન જે સાથે રહીને સેવા કરવાનો ધ્યેય ધરાવે છે. એવું શ્રી કદઓ જૈન જ્ઞાતિ મહાજન કોઈમ્બતુર મેડિકલ સમિતિની સંજીવની યોજનામાં લાઈફ પેટ્રોન તરીકે જોડાયું છે. આ દ્વારા પ્રત્યેક અરજદાર દર્દીને રૂા.૫ હજારનો અમૂલ્ય સહયોગ અપાશે. આવી હિતકારી ભાવના ધરાવી સંજીવની પેટ્રોન યોજનામાં ઓગસ્ટ ૨૦૧૯થી સહભાગી થયું છે. જે માટે હાર્દિક આભાર અને ભૂરી ભૂરી અનુમોદન કરીએ છીએ.

# પ.પૂ.સા.શ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪નો યવતમાલ તરફ વિહાર આગળ વધી રહ્યો છે

પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪નો ધર્મનગરી યવતમાલ નગર તરફ શાતાપૂર્વક આગળ ધપી રહ્યો છે. પૂજ્ય સાહેબ તા.૧૫ જૂન બુધવારના મૂર્તિજાપુરમાં વિજય પટેલના નિવાસ સ્થાને શાતાપૂર્વક બિરાજમાન છે. બે દિવસની અત્રે સ્થિરતા રહેશે. ત્યારબાદ કારજા લાડ થઈ દારવહામાં સ્થિરતા કરી યવતમાલ નગરમાં પ્રવેશ કરશે.



# સંસ્કારી નગરી સુરતના આંગણે ભવ્યાતિભવ્ય ચાતુર્માસ પ્રસંગે સકલ શ્રી સંઘને આત્મીય આમંત્રણ

શ્રી અચલગચ્છ જૈન શ્રી સંઘ ટ્રસ્ટ ૧૪/૧ મોડેલ ટાઉન, પરબત પાટિયા, સુરતને આંગણે ગુરૂગુણપાત્ર, કચ્છ કોહિનૂર, મારવાડ રત્ન શ્રી ગૌતમ ગુણ વિહાર પાલીતીર્થ પ્રેરક પ.પૂ.ગણિવર્ય શ્રી કમલપ્રભસાગરજી મ.સા. વર્ધમાન તપોનિધિ વ્યવહાર દક્ષ પ.પૂ.મુનિરાજ શ્રી વિજયરત્ન સાગરજી મ.સા. ૧૪ માસક્ષમણના તપસ્વી, સ્વાધ્યાય પ્રેમી પ.પૂ.મુનિરાજ શ્રી સદાનંદ સાગરજી મ.સા.નો ચાતુર્માસ મંગલ પ્રવેશ તા.૧ જુલાઈ શુક્રવાર સવારે ૮ કલાકે કુશલ દર્શન સોસાયટીથી પ્રસ્થાન કરી ચાતુર્માસ સ્થળ શ્રી શાંતિનાથ ઉપાશ્રય મોડલ ટાઉન પધારશે. આ ખુશી માહોલના મંગલ પ્રવેશ પ્રસંગે સંઘની ખુશીમાં સહભાગી થવા હેતુ સકલ શ્રી સંઘને તથા ગુરૂ ભકતોને ચાતુર્માસ પ્રવેશ અવસર પધારવાનું ભાવ સભર નિમંત્રણ શ્રી સુરત અચલગચ્છ જૈન શ્રી સંઘ દ્વારા અપાયું છે.

આ વર્ષના ચાતુર્માસની વિશેષતા • શ્રી સંઘમાં પદવીધારી ગુરૂવરનો પ્રથમ ચાતુર્માસ • મારવાડ રત્ન પ.પૂ.ગુરૂદેવશ્રીનો પદગ્રહણ પછીનો પ્રથમ ચાતુર્માસ • શ્રી સંઘ હેતુથી સ્થાન ગ્રહણના સંકલ્પ સાથે આ ચાતુર્માસ થશે • સંસ્કાર નગરી સુરતમાં તપ-જપ આરાધનામય થશે આ ચાતુર્માસ • કેટલા વર્ષોથી પ.પૂ.ગુરૂદેવ શ્રીનો ચાતુર્માસ કરવાનો ઈચ્છા પૂર્તિવાળો હશે આ ચાતુર્માસ.

શ્રી સંઘ સ્વામી વાત્સલ્યના લાભાર્થી પરિવાર માતુશ્રી ધાપૂદેવી કલ્યાણ દાસજી ફોજાણી બોહરા પરિવાર બાડમેર-સુરત, માતુશ્રી ધાઈદેવી ભગવાનદાસજી બોહરા પરિવાર સુરત-ભિવંડી. સંપર્ક સૂત્ર અધ્યક્ષ : રતનલાલ વડેરા-૯૩૨૭૪૭૬૮૫૭, ઉપાધ્યક્ષ : ગૌતમચંદ સિંઘવી-૯૮૨૫૧૧૬૪૮૬, સચિવ ગૌતમચંદ બોહરા-૯૮૨૫૨૮૦૩૦૬

# અંતરજાળના યુવાઓ દ્વારા તા.૨ સપ્ટેમ્બરના પખવાજથી ભક્તિ રસનું આયોજન

જ્ઞાતિનો યુવા વર્ગ હવે પખવાજ શબ્દથી પરિચિત થવા લાગ્યો છે. જેનું ઉદાહરણ અંતરજાળ કચ્છના યુવાનો તા.૨ સપ્ટેમ્બર શુક્રવારે પર્યુષણ પર્વ બાદ સાતમના રાત્રે ૯ કલાકે સમસ્ત જ્ઞાતિ લેવલે આપણા પૂર્વજોના ભક્તિ રસ પખવાજનું આયોજન શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન ગાંધીધામના સહયોગથી કરેલ છે.

સર્વે જ્ઞાતિજનો પખવાજ પ્રેમીઓને નમ્ર વિનંતી કે મહાજન, મંડળ કે વ્યક્તિગત સ્તરે યુવા વર્ગને પ્રોત્સાહિત કરવા જરૂરથી પધારશો. તેરામાં ૪ વર્ષ પહેલા પખવાજનું આયોજન કરેલ ત્યારે મયૂર જેઠાભાઈ લોડાયા નલિયા અંતરજાળથી યુવા વર્ગને તૈયાર કરી લાવ્યા હતા. ખૂબજ રમઝટ જમાવી હતી. આજે પોતે હયાત નથી પણ યુવા ટીમે જણાવ્યું કે અમને પખવાજનો પ્રોગ્રામ કરવો છે કે કોરાના કાળને લીધે બે વર્ષ કોઈ પ્રોગ્રામ ન કરી શક્યા પણ આ વર્ષે પખવાજ ભક્તિ નક્કી કરવી છે. આ દ્વારા સ્વ. મયૂરભાઈ લોડાયાને સાચી શ્રધ્ધાંજલિ અર્પિત કરશે.



॥ શ્રી શાંતિનાથાય નમો નમઃ ॥ 卐 ॥ શ્રી સંભવનાથાય નમો નમઃ ॥



દિવ્ય તપસ્વી પ.પૂ.આ.શ્રી.વિ.હંસરત્નસુરીશ્વરજી મ.સા. અને
પ્રવચન પ્રભાવક પ.પૂ.આ.શ્રી.વિ.તત્ત્વદર્શનસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં
કલાપૂર્ણમ તીર્થધામ - દેવલાલીની પાવન ધરા પર

# મહાકલ્યાણકારી ૪૭ દિવસના ઉપધાનતપ ની નિર્વિઘ્ને પૂર્ણાહુતિ સહ મોક્ષમાળા ને વરવાનાં મંગલમય અક્ષત વધામણાં....

## તપસ્વીરત્ના પ્રિયાંશી યજ્ઞા જયેશ માણેકજી લોડાયા
ઉ.વર્ષ-૧૧ (સાંધવ / મુલુંડ)



આત્મ સ્વભાવનું
સર્જન અને
સંસારી વિભાવનું
વિસર્જન એટલે જ
ઉપધાન તપ...
વ્યવ્હાર અને નિશ્ચયનું
અનુસંધાન એટલે જ
ઉપધાન તપ...

અભિનંદન... અભિવંદન...



ઉપધાન ઉપવનમાં ખીલેલ કળીની
મોક્ષમાળા : ૦૮/૦૬/૨૦૨૨

હંકારી ભવસાગરમાં ધર્મ નાવડી,
અવિચલ-અડગ બની, કરવા આતમ ઉધ્ધાર..
રાગ સંયમનો છેડી, નાની ઉંમરમાં
સાધનાની સરગમ વગાડી મનોહાર...
જતન કરી સર્વ જીવોનું, ઉપધાન કર્યું
અને સજી તું મોક્ષમાળ નો શણગાર...

ધર્મ પ્રત્યેનો તારો આ અનુરાગ સદાય
ખિલતો રહે અને દેવ-ગુરૂ-ધર્મની કૃપાથી
તું આત્મકલ્યાણકારી માર્ગ પર
આગળ વધતી રહે એજ અભ્યર્થના...

લિ.

## અ.સૌ. રસીલાબેન માણેકજી મેઘજી લોડાયા પરિવાર
## (સાંધવ / મુલુંડ)

મમ્મી - પપ્પા : યજ્ઞા જયેશ લોડાયા
મોટા કાકી - કાકા : દિપાલી ચેતન લોડાયા, કાકી - કાકા : વર્ષા ભાવેશ લોડાયા
બહેનો : પ્રિશા અને દેવાંશી

Shilp શ્રી - 9819656510

## પ.પૂ.આચાર્ય શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા.નો રાપર ગઢવાળી ગામે ભવ્ય સામૈયું થયું





અજોડ શાસન પ્રભાવક ૨૨મા વર્ષીતપના તપસ્વી રત્ન, સૂરિમંત્ર પંચ પ્રસ્થાન સાધક પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા. કચ્છ વિભાગના અબડાસા પંથકના દશાઈ જ્ઞાતિ વસતીના ગામો મોટી સિંધોડી, રાપર ગઢવાળી, આરિખાણા, સુથરી તીર્થે પધાર્યા. પૂજ્ય સાહેબનું રાપર ગઢવાળી ગામે વાજતે ગાજતે ઉત્સાહભેર ભવ્ય સામૈયું કરાયું હતું.

## માંડવીના શિવમસ્તુ તીર્થે પ.પૂ.ગુરૂદેવ ઉપાધ્યાય ભગવંત શ્રી પૂર્ણભદ્રસાગરજી મ.સા. એવમ પ.પૂ.બા મહારાજ સુસાધ્વીશ્રી અમિત ગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણાનો ૧૧ જુલાઈએ ભવ્ય ચાતુર્માસ પ્રવેશ

બંદરીય શહેર માંડવી પરિસરના સુંદર, સોહામણા અને રળિયામણા શિવમસ્તુ તીર્થે સ્વપ્ન શિલ્પી ગુરૂદેવશ્રી ઉપાધ્યાય ભગવંત પ.પૂ.શ્રી પૂર્ણભદ્રસાગરજી મ.સા. એવમ પ.પૂ.બા મહારાજ સુસાધ્વીશ્રી અમિત ગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણાનો ભવ્ય ચાતુર્માસ પ્રવેશ તા.૧૧ જુલાઈ સોમવારે થશે એક સાથે અનેક જાજરમાન કાર્યક્રમોની હાર માળા જેમાં ચારિત્ર ઉપકરણ વંદનાવલીનો સંગીત ભક્તિ સાથેના દીપકભાઈ કોઠારી અને નિશાબેન સંઘવીના સથવારે શાનદાર કાર્યક્રમ.

ચાંદીનો યંત્ર પટ, ચાંદીની મંત્ર પોથી સહિત વિવિધ અનેક ઉપકરણે વહોરવાનો અનોખો પ્રોગ્રામ.

પૂજ્ય સાહેબ શ્રી લિખિત નવ નવ પુસ્તકોની સુશોભિત બગીઓમાં શોભા યાત્રા સાથે વિમોચન વિધિ. સાધર્મિક ભક્તિ ભોજન અને સંઘપૂજનના સુકૃતની સુવાસ અને દાતાશ્રીઓનું સન્માન.

આ અણમોલ અવસરમાં ખાસ આમંત્રિત સંઘો અને ગુરૂભક્તિ પરિવારો જોડાઈ લાભ લેશે. મુંબઈવાસીઓને ટિકીટની સુવિધા માટે આ એડવાન્સ મેસેજ છે.

## આગમ દિવાકર પ.પૂ.આ.ભ.નો વિહાર ક્રમ, ચાતુર્માસ પ્રવેશનો કાર્યક્રમ

પ્રશમરસનિધિ સાગર દિવાકર પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા., વૈયાવચ્ચ પ્રેમી પ.પૂ.ગણિવર્ય શ્રી ધર્મ રત્નસાગરજી મ.સા. આદિ ઠાણા ગોરેગામમાં ૧૨ દિવસ સ્થિરતા દરમ્યાન રોજ 'જય વીયરામ' સૂત્ર ઉપર મનનીય પ્રવચનમાલા આપવા ઉપરાંત ૨૭૦ જેટલા સાધુ સાધ્વીજી ભગવંતો સમક્ષ પ.પૂ.આ.ભ. શ્રી અભયશેખરસૂરિશ્વરજી મ.સા.ની રોજ ૩ ટાઈમ ચાલતી અત્યંત મનનીય વાચના શ્રવણનો લાભ મેળવી તા.૧૩ જૂન સોમવારના મલાડ, તા.૧૪ જૂન મંગળવારે જોગેશ્વરી થઈ. તા.૧૫ જૂન બુધવારથી તા.૧૭ જૂન શુક્રવાર કચ્છી સર્વોદય નગર, તા.૧૮ જૂન શનિવારના કુશલ ટાવર પેસ્તમ નગર ચેમ્બુર થઈ. તા.૧૯ જૂન રવિવાર સવારે ૮.૪૫ વાગે અનંતછાયાથી સામૈયા સહ ૯.૩૦ કલાકે શ્રી કવીઓ દેરાવાસી જૈન મહાજન તથા શ્રી ઘાટકોપર કચ્છી શ્વેતાંબર મૂ.પૂ.જૈન સંઘના ઉપક્રમે શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ દેરાસર ઉપાશ્રયે ચાતુર્માસ પ્રવેશ કરશે.

દરેક ઠેકાણે જય વીયરામ પ્રાર્થના સૂત્રની પ્રવચનમાલા ચાલુ રહેશે જેની લિન્ક રોજ અચલગચ્છ જૈન ગ્રુપ વિગેરેમાં પ્રસારિત થાય છે. સહુધર્મ પ્રેમી ભાઈ બહેનોને પ્રવચનમાલા ખાસ શ્રવણ કરવા યોગ્ય છે.

# અજોડ શાસન પ્રભાવક આચાર્ય મ.સા.નું કોઠારા તીર્થે વાજતે ગાજતે સામૈયું કરાયું







અજોડ શાસન પ્રભાવક ૨૨મા વર્ષીતપના તપસ્વી રત્ન સૂરિમંત્ર પંચપ્રથાન સાધક પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી કવિન્દ્ર સાગર સૂરિશ્વરજી મ.સા. કોઠારા તીર્થે શાંતિનાથ દાદાને જુહારી ને ત્યાંથી વાંકુ વાડાપધ્ધર,પરજાઉ પધાર્યા. કોઠારા તીર્થે પૂજ્ય આચાર્ય સાહેબનું વાજતે ગાજતે સામૈયું કરાયું હતું.

# ભુજ કે.ડી.ઓ. દ્વારા તીર્થ યાત્રા પ્રવાસ યોજાયો

શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજનશ્રી ભુજ અને શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન યુવક મંડળ ભુજ દ્વારા તીર્થ યાત્રા દર્શનનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૫૧ યાત્રિકો જોડાયા હતા.




સર્વે યાત્રિકોએ મણીલક્ષ્મીતીર્થ, રાજગ્રહી તીર્થ, ઈન્દ્રણજ તીર્થ, કલીકુંડ તીર્થ, કોબા, માતર તીર્થ, વિશ્વ મૈત્રી ધામ-ગાંધીનગર, મહુડી, આગલોડ, મહેસાણા તીર્થ, શંખેશ્વર તીર્થ, રાધનપુર તીર્થ, નમસ્કાર તીર્થ, મોગલધામ કબરાઉનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

યાત્રા દરમ્યાન પુષ્પાબેન મણીલાલ ગોશર, ભચીબાઈ ઝવેરચંદ લોડાયા, કસ્તુરબાઈ હીરાચંદ મુનવર, માનબાઇ પદમશીં વિકમશીં, ચંદ્રકાન્ત હીરાચંદ મુનવર, ખમાવંતીબેન મહેન્દ્ર લોડાયા, મંજુલાબેન હીરજી નાગડા, હીરબાઈ મેઘજી નાગડા, ડોકટર સોમચંદભાઈ કાનજી મોમાયા, વિશનજી હીરજી મુનવર, મોહનચંદ્ર ડબરાલ, પ્રિતિબેન ડુંગરશી મોમાયા, ગોયમ પ્રતાપભાઈ દંડ, સુમીત્રાદેવી મોહનચંદ્ર ડબરાલ પરિવારોએ નવકારશી, બપોર તથા સંધ્યા ભોજનનો લાભ લીધો હતો. રચનાબેન વિકમશી, જયાબેન મુનવર, અમીતાબેન જૈન, હર્ષા શાહે વિવિધ ગેમો રમાડી હતી.

વ્યવસ્થા પ્રબોધ મુનવર, હીરાચંદ છેડા, દિલીપ મોતા, મુલચંદ મુનવર, મહેન્દ્ર લોડાયા, તુષાર જૈન, દિપેશ શાહ, અભય ધરમશી, રાહુલ દંડ, જીગેશ મુનવર, હરેશ મૈશેરી, કૌશિક ખોના, યશ નાગડા, હિતેશ ધરમશી, લલીત ડાઘા, પ્રદિપ દંડ, પારસ ડાઘા તથા સર્વે કાર્યકર ભાઈ-બહેનોએ સંભાળી હતી. યાત્રાના દાતાશ્રીઓ તથા આયોજકો અને યાત્રિકોનો આભાર માનવામાં આવેલ.

## કેડીઓ માનુનીઓનો મૈત્રી મંચ-રચના મહિલા મંડળનો ૩૩મા વર્ષમાં શાનદાર પ્રવેશ



રચના મહિલા મંડળ ૩૨ વર્ષ પૂર્ણ કરી શાનદાર રીતે ૩૩મા વર્ષમાં પ્રવેશ કર્યો. આ ખુશી લાગણીની ઉજવણી કરવા તા. ૮ જૂન બુધવારે દેવપૂંજ હોલ, મુલુંડ વેસ્ટ ખાતે 'કવિક ડેઝર્ટ' વર્કશોપનું આયોજન કરાયું. ક્રિએટીવ કલબના પિન્કી શાહ અને સુચેતા ઠક્કરએ યમી યમી કેક જાર અને ડેઝર્ટ ગ્લાસનો ખૂબ જ સુંદર ડેમો બતાવ્યો.

બધી રેસીપી પ્યોર વેજ અને જિલેટીન ફ્રી હતી. સરળશૈલીમાં રેસીપી મેકીંગ રજૂ કરી હતી. ૫૨ મહિલા સભ્યોએ આ વર્કશોપમાં ભાગ લીધો હતો. વર્કશોપ બાદ કેક, અલ્પાહારને ઠંડગાર કુલ્ફીની લહેજત સૌ ઉપસ્થિત બહેનોએ માણી છૂટા પડ્યાં હતાં.

## સાંગલી સંઘમાં પ.પૂ.સાધ્વી મ.સા.નો ચાતુર્માસ મંગલપ્રવેશ તા.૧ જુલાઈના

મહારાષ્ટ્ર રાજ્યના સાંગલી નગરના અચલગચ્છ જૈન સંઘમાં પ.પૂ.સાધ્વી ડૉ. શ્રી હર્ષનિધિશ્રીજી મ.સા. અને પ.પૂ. સાધ્વીશ્રી શ્રેયકરા શ્રીજી મ.સા.નો ચાતુર્માસ મંગલ પ્રવેશ સામૈયું તા.૧ જુલાઈ શુક્રવારના સવારે ૮.૪૫ કલાકે કચ્છી જૈન ભવને થશે. જ્યાંથી વાજતે ગાજતે પ્રભુશ્રી સુપાર્શ્વનાથ દરબારે પહોંચશે. ત્યારબાદ શ્રી સંઘની નવકારશી શ્રી અચલગચ્છ જૈન ભવનમાં.

પ.પૂ.ગુરૂદેવનો સિલ્વર જ્યુબિલી ૨૫મો ચાતુર્માસના મંગલ અવસરે શ્રી સાંગલી સંઘ અંતરથી આવકારે છે. ગુરૂદેવ પ્રવેશોત્સવના ઉજમણાં આત્માને ઉજ્જવળ કરતો જીવનને રોયલ શાહી બનાવતો ચાતુર્માસનો અનુમોદનીય અવસર એટલે R-Responsible, O-Obedient, Y-Yern (Desire), A-Appreciate, L-Love એટલે Royal અવસર.

## દિગ્રસ સંઘમાં ચાતુર્માસ મંગલ પ્રવેશનું ભાવપૂર્વક નિમંત્રણ

દિગ્રસ અચલગચ્છ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘમાં પ્રગટ પ્રભાવી શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ દાદા તથા શ્રી ધર્મનાથ પરમાત્માના મંગલ આંગણે વાત્સલ્યમૂર્તિ પ.પૂ.સાધ્વીશ્રી વિમલગુણાશ્રીજી મ.સા.ના સુશિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી કલ્પપૂર્ણાશ્રીજી મ.સા., પ.પૂ.સા.શ્રી અક્ષયપૂર્ણાશ્રીજી મ.સા., પ.પૂ.સા.શ્રી ઋજુપૂર્ણાશ્રીજી મ.સા., પ.પૂ.સા.શ્રી ક્ષાયિકાપૂર્ણાશ્રીજી મ.સા.ની ચાતુર્માસિક પાવન નિશ્રા સંઘને મળી છે.

પૂજ્ય મહારાજ સાહેબોનો નગર પ્રવેશે શોભાયાત્રા તા.૨૩ જૂન ગુરૂવાર સવારે ૭ કલાકે માનોરા ચૌકથી શરૂ થશે.

પૂજ્ય મહારાજ સાહેબોનો ચાતુર્માસ પ્રવેશ અષાઢ સુદ ૫ સોમવાર ૪ જુલાઈના થશે. આ મંગલ અવસરે સકળ સંઘની ઉપસ્થિતિથી દિગ્રસ સંઘની ધર્મ ભાવનામાં વૃધ્ધિ થશે. ચાતુર્માસ પ્રવેશ તથા સંપૂર્ણ ચાર્તુમાસ દરમ્યાન દિગ્રસ સંઘની નિયાણી બહેનો તથા સ્નેહી સ્વજનોને પધારવાનું હાર્દિક નિમંત્રણ છે.

નવકારશી સવારે ૭ થી ૮.૩૦ લાભાર્થી હેમલતાબેન ઈન્દ્રવદન પટેલ ભાંડુપ આયંબિલ તથા સ્વામિ વાત્સલ્ય બપોરે ૧૨ થી ૨ લાભાર્થી શ્રી અચલગચ્છ શ્વે.મૂર્તિપૂજક જૈન સંઘ દિગ્રસ. સ્થળ : જૈન ઉપાશ્રય, ગઢીનો મેદાન, દુર્ગા માતા ચોક, દિગ્રસ. ચાર્તુમાસ પ્રવેશ દિને માંગલિક હેતુથી આયંબિલ તપનું આયોજન છે. તપમાં જરૂર જોડાઓ.

## વરલી સંઘમાં પ.પૂ.ગણિવર્ય શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ની પધરામણી થઈ

તા.૧૬ જૂન ગુરૂવારે વરલી સંઘમાં પ.પૂ.ગણિવર્ય શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ની પધરામણી થઈ. સંઘના શ્રાવક-શ્રાવિકાઓ ભવ્યપણે પૂજ્ય સાહેબનું સ્વાગત કર્યું હતું.

# પૂર્વનગરસેવિકા નેહલ શાહ ખોનાની તેમના કાર્યક્ષેત્રમાં વિવિધ જન સેવાઓ માટેનો ત્રિદિવસીય કેમ્પ આયોજન



વડાલા (વેસ્ટ) મ્યુનિસિપલ વોર્ડ ક્રમાંક ૧૭૭ના પૂર્વ નગરસેવિકા નેહલ અમર શાહ ખોના સાંઘવ-દાદર (પૂર્વ) પોતાના કાર્ય વિસ્તાર જનસંપર્ક કાર્યાલય-સેવાલય ૩૨૩ એફ ગ્રાઉન્ડ ફ્લોર ભગત ભુવન ડૉ.બાબાસાહેબ આંબેડકર રોડ, માલુંગા (પૂર્વ) સે.રે.માં તા.૨૮,૨૯ અને ૩૦ જૂન મંગળ, બુધવાર, અને ગુરૂવારના સવારે ૧૦ થી ૧.૩૦ અને બપોરે ૨.૩૦ થી ૫ સુધી આધારકાર્ડમાં સુધાર વધારો કે નવા આધાર કાર્ડ માટે કેમ્પ યોજ્યો છે. સાથો સાથ ઈન્ડિયન પોસ્ટ ડિપાર્ટમેન્ટની પોસ્ટલ લાઈફ ઈન્સ્યુરન્સ પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વિમા યોજના, અટલ પેન્શન યોજના, પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા, બિમા યોજના, સુકન્યા સમૃધ્ધિ સ્કીમમાં જોડાવવાની પ્રક્રિયા કરી અપાશે. આ માટે આધારકાર્ડ, પેનકાર્ડ, બે પાસપોર્ટ સાઈઝ ફોટો અને સુકન્યા સમૃધ્ધિ યોજના માટે પુત્રી સંતાનનો જન્મ સર્ટિફિકેટ લાવવાના રહેશે.

## ગુજરાત રાજ્યના ગૃહમંત્રી હર્ષભાઈ સંઘવીને શુભેચ્છા પ્રદાન કરી સમસ્ત મહાજનના ટ્રસ્ટી પ્રબોધ મુનવરેએ



ગુજરાતના ગૃહપ્રધાન હર્ષભાઈ સંઘવીની શુબેચ્છા મુલાકાત લઈ સમસ્ત મહાજનના ટ્રસ્ટી અને માનવ જ્યોતના પ્રમુખ પ્રબોધ હિરાચંદ મુનવર કોઠારા-ભુજએ તેમને ભાવપૂર્વક શુભેચ્છા આપી હતી.

## પ.પૂ.સાધ્વીશ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા.ની સાંયરા તીર્થમાં પધરામણી થઈ







કચ્છ પ્રદેશના અબડાસા પ્રાંતના સાંયરા તીર્થમાં પ.પૂ.સાધ્વીશ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા.ની ભવ્ય ઉત્સાહ સાથે પધરામણી થઈ. શ્રી સંઘના શ્રાવક શ્રાવિકો આનંદ ઉમંગના ભાવ સાથે સાહેબનું ભવ્ય સ્વાગત કરી ધન્ય થયાં હતા.

## પ.પૂ.ઉપાધ્યાય ભગવંતશ્રી પૂર્ણભદ્રસાગરજી મ.સા. લિખિત પુસ્તકો બહુમૂલ્ય દાગીનાની જેમ સાચવવા જેવા છે

ગુરૂદેવ શ્રી ગુણસાગરસૂરિજી મ.સા. એવમ પૂ.શ્રી મહાભદ્ર ગુરૂજી મ.સા.ના પરમકૃપાપાત્ર પૂજ્ય ઉપાધ્યાય ભગવંત શ્રી પૂર્ણભદ્રસાગરજી મ.સા. લિખિત પુસ્તકો એક કિંમતી અમૂલ્ય દાગીનાની જેમ સાચવવા જેવા છે.

સંયમી મહાત્માઓ, મુમુક્ષુ આત્માઓને ઉદેશીને લખાયેલા ચોટદાર પ્રેરણા આપતા દશવિધ યતિધર્મના વિષય ઉપર અને વૈરાગ્યવર્ધક ભાવનાઓથી ભરપૂર આ પુસ્તકો છે. ૧૯૮૪માં સમેત શિખરજી તીર્થના ચાતુર્માસ દરમ્યાન ૩૮ વર્ષ પૂર્વે ગુરૂદેવની રસમય કલમે લખાયેલા આ નવે નવ પુસ્તકોના સેટ અગાઉથી બુકિંગ કરાવનારને માત્ર રૂ.૫૦૦માં મળી શકશે. જ્યારે એની મૂળ કિંમત રૂ.૧૫૦૦ છે. સંપર્ક : ૯૮૭૯૩૪૮૨૩૫

# અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી આદિ ઠાણાનું વર્ધમાન નગરે ભવ્ય સામૈયું કરાયું





અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. આદિ ઠાણા ભુજ પરિસરના ભુજોડી નગરના વર્ધમાન નગર સંઘમાં પધાર્યા. ત્યારે શ્રી વર્ધમાન નગર જૈન સંઘ દ્વારા ભવ્ય સામૈયું કરાયું. સંઘના શ્રાવક શ્રાવિકાઓ ઉમંગ ભાવથી વાજતે ગાજતે સાહેબ આનંદભેર સ્વાગત કર્યું હતું.





# વરલી-મુંબઈમાં જૈન સાધુઓનો જાપાનીઝ બોધ્ધ સાધુ સાથે મંગલ મૈત્રી મિલન થયું

વરલી સંઘમાં તા.૧૬ જૂન ગુરૂવારના દિને દેશ અને વિદેશના અલગ અલગ ધર્મના સાધુઓનો અજબ સંગમ સંયોગ થયો. પ.પૂ.ગણિવર્યશ્રી ઉદયરત્નસાગરજી મ.સા. અને યુવા પ્રભાવી પ્રવચનકાર પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.નો બૌધ્ધ સાધુ સાથે મંગલ મૈત્રી મિલન થયું અને આત્મીય રીતે ધર્મ ગોષ્ઠિ અને અહિંસા અને વિશ્વશાંતિ ઉપર વિસ્તૃત ચર્ચા થઈ હતી.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

Email : gyatimaiya2018@gmail.com

Whats App : 93222 57731

Read E-Paper http://www.kdosm.org

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.




# સાંધવ નગરે શ્રી શાંતિનાથ દાદાની શીતલછાયામાં પંચકલ્યાણક પૂજા ભણાવાઈ





કચ્છ પ્રદેશના અબડાસા પંથકના સાંધવ નગરે શ્રી શાંતિનાથ દાદાની શીતલ છાયામાં તા.૧૧ જૂન શનિવાર રોજ ચિ.પ્રિયાંશી જયેશ માણેકજી લોડાયા તરફથી પંચકલ્યાણક પૂજા ભણાવવામાં આવેલ. પૂજા ભણાવવા માટે સાંયરાના પ્રેમચંદ મોમાયા, કાંતિલાલ નાગડા, કોઠારાના વિમલાબેન નાગડા, મનીષા મહેન્દ્ર ડાઘા, અસ્મિતા ડાઘા, કિંજલ નાગડા અને જ્યોતિબેન લાલકા આવેલ હતા.







# પાલીતાણામાં શેઠ નરશી નાથા જૈન ધર્મશાળા પરિસરમાં તા.૨૫ જૂનના ગુરૂ ગુણોદય ગુરૂ મંદિરની શિલાન્યાસ વિધિ અવસરે આમંત્રણ

મહાપવિત્ર શ્રી શંત્રુજ્ય મહાતીર્થની ગોદમાં પાલિતાણા સ્થિત શેઠ નરશીનાથા જૈન ધર્મશાળા પરિસરે શેઠ શ્રી નરશીનાથા ચેરિટી ટ્રસ્ટ ફંડ આયોજિત શ્રી ક.દ.ઓ. ઘાટકોપર વિદ્યાનગર ચેમ્બુર (GVC) જૈન સંઘની પરમ ગુરૂ ભક્તિના સથવારે સમસ્ત ક.દ.ઓ.જૈન જ્ઞાતિ પર બારેખાંગે કૃપા આશિષ વરસાવનારા જિનશાસન શિરોમણિ તપચક્રવર્તી, સુદીર્ઘ વર્ષી તપારાધક અચલગચ્છાધિપતિ ગુરૂદેવ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના પરમ ઉપકારોના ગુરૂ ઋણના ઉપલક્ષમાં જેઠ વદ ૧૧ શનિવાર, તા.૨૫ જૂન સવારે ૭ થી ૧૨.૩૦ કલાકે વિજય મુહૂર્તે સંગેમરમર પાષાણરત્નમય ભવ્ય મંડોવર યુક્ત ગુરૂ ગુણોદય મંદિરનું ભૂમિપૂજન, ખનન વિધિ, શિલાન્યાસ વિધિ અવસરે પધારવાનું નિમંત્રણ શેઠ નરશીનાથા ચેરિટી ટ્રસ્ટ ફંડ શ્રી ક.દ.ઓ.ઘાટકોપર વિદ્યાનગર ચેમ્બુર જૈન સંઘ તરફથી અપાયું છે.



# અજોડ શાસન પ્રભાવક પ.પૂ.આચાર્ય શ્રીનું સુથરી તીર્થે ભાવભર્યું સામૈયું કરાયું





અજોડ શાસન પ્રભાવક ૨૨મા વર્ષીતપના તપસ્વી રત્ન સૂરિમંત્ર, પંચપ્રસ્થાન સાધક, પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા. સુથરી, સાંયરા-વરાડીયા. વિંઝાણ-દેઢિયા, દેઢિયા તીર્થથી ૭૨ જિનાલય તીર્થે પધાર્યા સુથરી તીર્થે પૂજ્ય સાહેબના આગમનનું ભવ્ય સામૈયું કરી કરાયું હતું.

# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj

KDO BUSINESS

80G સર્ટિફીકેટ
**C.S.R.**
CORPORATE SOCIAL RESPONSIBILITY

KDO SANJIVANI

KDO દિવ્યાંગ

સ્વાભિમાન

AAWAAS

KDO UDAAN

**For NEFT Transfer**

| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | | |
| Our IFSC Code | : | ICIC00ARIHT |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

# ઐતિહાસિક કોઠારા તીર્થે ચાતુર્માસ-પર્યુષણ પર્વે પધારવા આમંત્રણ

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન કોઠારા ચાતુર્માસ-પર્યુષણ પર્વે પધારવા જ્ઞાતિજનોને તથા આરાધના પ્રેમી કોઠારાવાસીઓ, નિયાણી બહેનો સકલ સંઘને હાર્દિક આમંત્રણ અપાયું છે. વાત્સલ્ય નિધિ ગુરૂમૈયા પ.પૂ.સાધ્વી શ્રી રત્નત્રયાશ્રીજી મ.સા.ના સુશિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી જગનત્રયાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૧નું ચાતુર્માસ કોઠારા તીર્થને અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ની. આજ્ઞા આશીષથી પ્રાપ્ત થયું છે.

ચાતુર્માસ પ્રવેશ અષાઢ સુદ ૧૩ ને સોમવાર તા.૧૧ જુલાઈના સવારના ૯ કલાકે થશે. પર્યુષણ મહાપર્વ તા.૨૪ ઓગસ્ટથી શરૂ થાય છે. કોઠારા મહાજનશ્રી ત્રણ વર્ષથી ચાતુર્માસ ફંડનું આયોજન કરે છે. આ વર્ષે પણ ચાતુર્માસ ફંડમાંથી ચાતુર્માસ દરમ્યાન થતી આરાધનાઓ-અનુષ્ઠાનો તથા કોઠારા મધે પર્યુષણ પર્વના નવ દિવસ સાધર્મિક ભક્તિનું પણ આયોજન કરેલ છે.

મહાજનશ્રી તરફથી ચાતુર્માસ ફંડ યોજનામાં ચાતુર્માસ સહાયક દાતા રૂા.૨૧ હજાર ચાતુર્માસ ગોલ્ડન દાતા રૂા.૧૧ હજાર, ચાતુર્માસ સિલ્વર દાતા રૂા.૫ હજાર અને ચાતુર્માસ સહાયક દાતા રૂા.૨૫૦૦. ઉપરોક્ત દરેક યોજનાના દાતાઓના નામો ચાતુર્માસ સુધી બેનર ઉપર ઉપાશ્રયમાં લગાડવામાં આવશે અને એક વર્ષ સુધી દેરાસરના પ્રાગંણમાં દર્શનીય જગ્યા ઉપર લગાડવામાં આવશે. રૂા.૨૫૦૦ થી નીચેનાનું અનુદાન આપનારનું નામ બેનર ઉપર કંડારવામાં આવશે નહીં પણ પરિપત્ર દ્વારા કોઠારાવાસીઓને મોકલી આપવામાં આવશે.

કોઠારા મધે દોઢ મહિનો, ચાર મહિના ચાતુર્માસ માટે બહારગામથી પધારનારને રહેવા જમાવાની વ્યવસ્થા મહાજનશ્રી તરફથી નિઃશુલ્ક કરવામાં આવશે. આવવા જવાની ટિકિટના રૂા.૨ હજાર આપવામાં આવશે. ચાતુર્માસ કરવા જરૂરથી પધારશો.

અનુદાન માટે સંપર્ક દિનેશ લાલજી લોડાયા-૯૮૨૦૦૮૦૦૬૧, લહેરચંદ હીરજી લોડાયા-૭૯૭૭૨૬૧૮૩૫, હરીશ હિરાચંદ મુનવર-૯૮૨૫૬૫૪૧૮૯, દિલીપ ટોકરશી લોડાયા-૯૮૨૦૦૪૨૫૮૪ બેંક ડિટેલ વિગત Shri Kutchchi Dasa Oswal Jain Kothara Ganti Mahajan Kothara, બેંક નામ Bank of Baroda બ્રાંચ કોઠારા-કચ્છ A/C No.90730100010014 NEFT/IFSC Code BARB0DKTHR (After BARBits ZERO)

# સાંધવે નગરે ચાતુર્માસના વધામણાંનો અવસરનું આમંત્રણ

પ.પૂ.અચલગચ્છાધિપતિ આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના આજ્ઞાનુવર્તી પ.પૂ.સાધ્વીશ્રી ગુણમાલાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સા.શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી ઋજુપ્રજ્ઞાશ્રીજી મ.સા.નો સાંધવ નગરે ચાતુર્માસ પ્રવેશ અષાઢ સુદ ૧૩ સોમવાર તા.૧૧ જુલાઈ સોમવાર સવારે ૮.૩૦ કલાકે થશે. સકળ સંઘને પધારવાનું આમંત્રણ શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન સાંધવ પ્રમુખ શામજી નરશી દંડ તરફથી અપાયું છે સંપર્ક ૯૯૨૫૩૨૦૮૧૫

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**ગુણવંતી ખોના**
તા.૧૨ જૂન
નલિયા-થાણા



**ધનપતિ લોડાયા**
તા.૧૩ જૂન (ઉ.૬૮)
રવા-ડોંબિવલી



**કાજલ નાગડા**
તા.૧૪ જૂન (ઉ.૪૨)
તેરા-નાંદેડ



**કિશોર લોડાયા**
તા.૧૫ જૂન (ઉ.૬૬)
મોટી ખાવડી-મુલુંડ



**મધુકર મોતા**
તા.૧૮ જૂન (ઉ.૭૭)
નલિયા-અમદાવાદ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજી વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● માત્ર સવા બે વર્ષના ટૂંકા ગાળામાં ૨૦૦ કરોડ રૂ.ના ખર્ચે નિર્માણ થયેલ ૨૦૦ બેડની ભુજની કે.કે.પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલનું વર્ચ્યુઅલ લોકાપર્ણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયા અને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિ થયું. હોસ્પિટલની જમીન ખરીદી માટે રૂ.૨૫ કરોડ તેમજ બીજા રૂ.૨૫ કરોડ બાંધકામ માટે આપી પાયો નાખનાર તથા નિયમિત નિભાવ માટે પાંચ વર્ષ સુધી દર વર્ષ રૂ.બે કરોડ આપનાર મીઠા ઉદ્યોગક્ષેત્રે આફ્રિકામાં નામના મેળવી કચ્છનો ડંકો વગાડી દેનાર કાનજી કુંવરજી પટેલ પરિવાર તથા ધનશ્યામભાઈ દબાસિયાએ પણ પાંચ વરસ સુધી દર વર્ષે ૨ કરોડ આપવાની જાહેર કર્યું. કેથલેબ માટે ભુજ સ્વામિનારાયણ મંદિરએ રૂ.પાંચ કરોડનું દાન આપ્યું છે.

● ભારત સરકારના પ્રવાસન મંત્રાલય દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવણીના ભાગરૂપે ગ્રામીણ પ્રવાસનની થીમ પર રાષ્ટ્રીય કક્ષાની વીડિયોગ્રાફી તથા ફોટોગ્રાફી સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જેમાં દેશભરના વીડિયોગ્રાફર્સ તથા ફોટોગ્રાફર્સે સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં ભુજ કચ્છના રઘુવંશી યુવા વિશ્વ પ્રવાસી ઊર્મિશ સચદેને વીડિયોગ્રાફી સ્પર્ધામાં પ્રથમ વિજેતા જાહેર કરાયા. વરૂણ સચદે એ પોતાના ૫૭ સેકન્ડના વીડિયોમાં ઓરિસ્સા તથા છતીસગઢના ગ્રામીણ તથા આદિવાસી વિસ્તારોની જીવનચર્ચા, રીતરિવાજોનું ફિલ્માંકન કર્યું છે. આ અગાઉ કચ્છના કાળિયા ધ્રોને વિશ્વના બાવન જોવાલાયક સ્થળોમાં સ્થાન અપાવવાનું ગૌરવવંત કાર્ય તેણે કર્યું છે.

● વિશ્વ વારસા દિવસે ભુજના કચ્છ સંગ્રહાલય દ્વારા આમ પ્રજા આસપાસના ઐતિહાસિક વારસાને ઓળખે એવા હેતુસર શહેરમાં હેરિટેજ વોકનું વહેલી સવારે પ્રસ્થાન કરાવતા સંગ્રહાલયના ક્યુરેટર ડૉ.શેફાલિકા અવસ્થીએ હેરિટેજવોકનું મહત્વ સમજાવી વારસો એટલે શું તેની સમજ આપી હતી. પ્રાચીન ધરોહર, ઐતિહાસિક સ્મારકો, આપણી ભાષા, સંસ્કૃતિ અને સંસ્કારનું જતન કરવા તેમણે અનુરોધ કર્યો હતો. હેરિટેજ વોક દરમ્યાન જૂનું સ્વામિનારાયણ મંદિર, દરબાર ગઢ પરિસર, ભુજ સ્થાપના ખીલી, આશાપુરા મંદિર, વ્રજ ભાષા પાઠશાળા, નાનીબા સંસ્કૃત પાઠશાળા, કચ્છ સરકારનું પ્રિન્ટીંગ પ્રેસ, જમાદાર ફતેમહંમદનો ખોરડો, રઘુનાથજીનો આરો જૂની તથા નવી ટંક શાળા, રામકુંડ તથા કચ્છ સંગ્રહાલયન વિગેરે સ્થાનાએ લઈ તેમને ઈતિહાસની તથા સ્થાપત્યની સમજ ઈતિહાસ સંશોધક નરેશ અંતાણીએ આપી હતી.

● ત્રીજી જૂનથી ભુજથી અમદાવાદ અને ભુજથી બેલગામ (કર્ણાટક) બે વિમાની સેવાનો સ્ટાર એર દ્વારા પ્રારંભ થયો છે. આ બન્ને વિમાની સેવા સપ્તાહમાં પાંચ દિવસ મંગળવાર અને રવિવાર છોડીને ઉડાન ભરશે. સોમ, ગુરૂ, શુક્ર અને શનિવારે અમદાવાદથી સવારે ૧૧ વાગ્યે વિમાન ઉડાન ભરી બપોરે ૧૨ વાગે ભુજ પહોંચશે અને વળતા ભુજથી ૧૨.૩૦ ઉપડી બપોરે ૧.૩૦ વાગે અમદાવાદ પહોંચશે. માત્ર બુધવારે અમદાવાદથી ૪-૧૦ વિમાન ઉડી ભુજ ૫.૧૦ પહોંચશે અને સાંજે ૫.૩૫ વાગે ભુજથી ઉડી ૬.૩૬ સાંજે અમદાવાદ પહોંચશે. જ્યારે સોમ, ગુરૂ, શુક્ર અને શનિવારે કર્ણાટકના બેલગામ એટલે બેલગાંવથી સવારે ૯.૧૦ કલાકે વિમાન ઉડી એ સ્ટોપ લઈ બપોરે ૧૨ વાગે ભુજ આવી પહોંચશે અને વળતા ૧૨.૩૦ વાગ્યે ભુજથી ઉડાન ભરી એક સ્ટોપ લઈ ૩.૩૦ વાગે બેલગાંવ પહોંચશે. જ્યારે બુધવારે આ સેવા બેલગાંવીથી બપોરે ૨.૧૫ ઉપડી એક સ્ટોપ લઈ સાંજે ૫.૧૦ ભુજ પહોંચશે અને સાંજે ૫.૩૫ કલાકે ઉપડી એક સ્ટોપ કરી રાત્રે ૮.૩૦ બેલગાંવ આવી પહોંચશે.


Sure Safety
Complete Safety Solutions
ONE STOP SAFETY SOLUTION PROVIDER
ALL INDIA DEALERS WANTED
Drive your growth with India's biggest PPE brand SAVIOUR
Freedom Helmet
Saviour Electric Arc Suit
Saviour Safety Harness
Saviour Foldable Ear Muffs
Di-electric Boots
Saviour Work-wear Cotton Coverall
Saviour Safety Glasses
Flash Lights
Saviour 'PRO' BA Set with Composite Cylinder
Saviour Chem Pro Gloves
N95 Mask
Saviour Lion Safety Shoes
We manufacture India's biggest & most trusted PPE brand SAVIOUR
Reliable | Transparent | Assured Guarantee
SAVIOUR
Performing PPE
Contact: + 91 8511495152 | sales@suresafety.com | www.suresafety.com

Diamond manufacturers,
Exporter’s & Importer’s
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF
Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)

Shri Raichand Hansraj Dharamshi
CHARITABLE TRUST

સહર્ષ રજૂ કરે છે



# RHD ઉન્નતિ લોન
## વ્યાજ મુક્ત

ઝડપી અને વ્યાજ મુક્ત વ્યવસાય લોન
વડે તમારા ઉદ્યોગ ને વિસ્તૃત અને સુરક્ષિત કરો.

**શુભ શરૂઆત : ૪થી જુલાઈ ૨૦૨૨**

**ઓછામાં ઓછું કર્જ રૂા. ૫૦,૦૦૦/- અને**
**વધુમાં વધુ કર્જ રૂા. ૫,૦૦,૦૦૦/- સુધી.**

| | | |
|---|---|---|
| વ્યાજ દર ૯.૫% p.a. રહેશે જે સંસ્થા ભરશે. | પ્રોસેસીંગ ફી ૧% કર્જની રાશીની જે સંસ્થા ભરશે. | કર્જદારે માત્ર મુદ્દલના હપ્તા ભરવાના રહેશે. |

સાથે જોડાણમાં

ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
Estd 1984

Head Office : GB 10A & B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai – 400 083
T : 022 25799326 / 9619486622 | F : 022 25799323

વિશેષ જાણકારી પ્રાપ્ત કરવા આપશ્રીને નમ્ર વિનંતી કૃપા કરીને શ્રી અરિહંત બેંકની કોઈપણ શાખાનો સંપર્ક કરો.

| | | | | |
|---|---|---|---|---|
| મસ્જીદ બંદર 86526 30384 | માટુંગા (સે.રે.) 86526 30389 | ઘાટકોપર 86526 30383 | ભાંડુપ 86526 30381 | મુલુંડ 86526 30382 |
| થાને 86526 30388 | ડોંબીવલી 86526 30386 | બોરીવલી 86526 30390 | મોહીલી વિલેજ 86526 30385 | વાશી 86526 30387 |